Appeal From Dumb Creatures.

प्राणी पोकार

By

S. P. SHAH

॥ श्री. ॥

प्राणीपोकार.

અને

જીવદયા પ્રતિપાળક પુરૂષોને અપીલ.

રચનાર અને પ્રસિદ્ધ કરનાર

સાંકળચંદ પિતામ્બરદાસ શાહ

શ્રીસુબોધમાળા અને વૈરાગ્ય તરંગ ભક્તિમાળાના કર્તા.

અમદાવાદ રાયપુર શામળાની પોળ

अहिंसा परमो धर्मः–(સર્વ શાસ્ત્ર માન્ય.)

દોહરો.

દયા ધર્મકો મૂલહે, પાપ મૂલ અભિમાન,
તુલસી દયા ન છાંડીએ, જબ લગ ઘટમેં પ્રાન.

આવૃત્તિ ૧ લી પ્રત ૧૫૦૦૦.

અમદાવાદ.

યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડ.

સંવત ૧૯૬૬ સને ૧૯૧૦

અમૂલ્ય.

આભારપત્ર.

—:o:—

આ પ્રાણીપોકારથી હિંસક વર્ગ ઉપર દયાની લાગણી થાય, અને તેથી કરીને તેનો સદ્ઉપયોગ થાય, એવા હેતુથી નીચે લખેલા ગ્રહસ્થોએ જીવદયા ખાતે પરમાર્થ દાવે નીચે પ્રમાણે મદદ આપી મફત વહેંચવાની ભલામણ કરવાથી આ પુસ્તક તેમના ખરચે છપાવી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. એવા પરોપકારી પુરૂષોનો અંતઃકરણ પૂર્વક આભાર માનવામાં આવે છે.

૫૦) શ્રીમાન્ મુનિરાજશ્રી કપુરવિજયજી મારફત કોઇ સંભાવીત ગ્રહસ્થ તરફથી.

૫૦) શા. મુળચંદ જવેરના ધર્મપત્નિ અંદરબાઇના શ્રેયાર્થે તેમના ભત્રીજા શા. ભીખાભાઇ પુરશોતમદાસ તરફથી.

૫૦) શેઠ. મોહનલાલભાઇ મગનભાઇ ઝવેરીની મારફતે.

૨૫) ચદ્રાના મહાજન તરફથી શા. મણીલાલ ગોકળદાસે.

૧૫) શેઠ. ભોગીલાલ વીરચંદભાઇની તરફથી.

૧૦) કોઈક સદ્ગૃહસ્થ તરફથી શા. લલુભાઇ ધનજી મારફત.

प्राणपोकार.

મંગળાચરણ.

હરીગિત છંદ.

આ લોકને પરલોકમાં મંગળ પ્રથમ પ્રાણીદયા.
હિંસા અમંગળ સ્વર્ગ [1]અરગળ ઘોર નરક તણી [2]પ્રિયા,
જીવતર અને સુખ [3]ઇષ્ટ જેવાં આપણે સૌ માનીએ,
સૌ પ્રાણી માને ઇષ્ટ તેવાં દુઃખ ન ઈષ્ટ પ્રમાણીએ. ૧
લઘુ ગ્રંથમાંથી તત્ત્વ શોધી દયા દીલમાં લાવશો,
તો થશે મંગળ પ્રાણીનું ને કૃત કૃત્ય તમે થશો;
વળી ગ્રંથ હેતુ સફળ થાશે તત્ત્વ અભિરૂચિ જાગશે,
હિંસા જશે જડમૂળથી ને દયાનો જય જય થશે. ૨

દોહરા.

પ્રાણી વર્ગમાં સર્વથી, રાજા મનુષ્ય ગણાય,
કીડીથી [4]કુંજર લગી, માનવને વશ થાય. ૧
પ્રજા તણું પાલણ કરે, તે રાજા કહેવાય,
પશુ પ્રજા છે આપણી, કેમ દુઃખ દેવાય? ૨
પીડે ભૂખ તરશ થકી, પશુ પંખીને જેહ,
પાળી સંભાળે નહિ, નર નહિ રાક્ષસ તેહ. ૩
જે વણ વાંકે પ્રાણીને, પીડા કરે અપાર,
પ્રાણ હણે પળવારમાં, તે નર હિંસક ધાર. ૪
માંખ પાંખ પગ કીડીનો, સૌ કુદરતથી થાય,
મનુષ્ય મતિ ચાલે નહિ, તો કેમ નાશ કરાય? ૫

---

૧ બારણા પાછળની ભુંગળ. ૨ સ્ત્રી. ૩ વાહાલાં. ૪ હાથી.

કુદરતથી જે નીપજે, કુદરત કરે વિનાશ,
અધિકાર નહિ મનુષ્યનો, જીવનો કરવા નાશ. ૬
નાશ કરે પર પ્રાણુનો, કોપે દૈવ કરાળ,
અન્ન વસ્ત્ર ન મળે કદા, મરવું બુરા હાલ. ૭
ભય નિંદ્રા [૧]મૈથુન ને, અહારાદિક જે શેષ,
સમાન પશુ માનવ વિષે, નરમાં ધર્મ વિશેષ. ૮
જાણે નહિ આચાર જે, ધર્માધર્મ વિચાર,
સમજે સાર અસાર નહિ, નર રૂપે પશુ ધાર. ૯
સુખ વાંચ્છક સૌ પ્રાણીયા, દુઃખ વાંચ્છક નહિ કોય,
જે દુઃખ સહીએ આપણે, તે દુઃખ સૌને હોય. ૧૦
મરણ બિછાનું [૨]સ્વજનનું, જોઈ આંસુ રેડાય,
દારૂણ પશુ વધ જોઇ કેમ, કોરી આંખ રખાય ? ૧૧
હૃદય આપણા પર પડે, મરણ સમે જે છાંય,
મોત સમે તે છાંયથી, પ્રાણી માત્ર છવાય. ૧૨
ઘોર દુઃખોથી આપણે, મોત સમે [૩]ગમગીન,
કંપે છેલ્લા સમયમાં, પ્રાણી પર આધીન. ૧૩
છેલ્લી [૪]ઉંઘમાં આપણે, ઇચ્છીએ આશિર્વાદ,
સકળ પ્રાણી માગે યથા, છેલ્લી ઉંઘમાં દાદ. ૧૪
હરે ફરે ચારો ચરે, કરે ધણીનું કામ,
નિર્દોષી પશુને હણે, તેના રૂઠયા રામ. ૧૫
ગગન વિહારી પંખીયો, તરૂપર કરે કલોલ,
વિના વાંક શાંને હણો, ભરી છરા પિસ્તોલ ? ૧૬

---


૧ સ્ત્રીસેવા. ૨ સગાં વહાલાં. ૩ બેચેન. ૪ પંચત્વ મરણ.

પાપી પેટ પટાવવા, દ્યો નહિ પરને દુઃખ,
ભાજી પાલો અન્ન ફળ, ખાઇ સમાવો ભૂખ. ૧૭
અન્ન ફળો સોંઘાં મળે, મોંઘાં મધુને માંસ,
અન્ન નિરોગી સ્વચ્છ છે, [1]રોગી ગંદકું માંસ. ૧૮
નખ પંઝા જે પ્રાણીને, માંસ અહારી તેહ,
એ સાધન નહિ મનુષ્યને, વટલાવો શીદ દેહ? ૧૯
માણસ માટે કુદરતે, સરજ્યો અન્ન ફળ અહાર,
માંસ ભખે તજી અન્નને, નહિ માણસ આચાર. ૨૦
વિચાર શક્તિ બુદ્ધિમાં, માણસ શ્રેષ્ઠ ગણાય,
સ્વલ્પ જીભના સ્વાદથી, કેમ પર પ્રાણ હણાય? ૨૧
દેવી યજ્ઞ નીમિત્ત પણ, પશુનો વધ પ્રતિકુળ,
સકળ શાસ્ત્રમાં દાખવ્યો, દયા ધર્મ અનુકુળ. ૨૨
આપણને ફાડી કદી, શિકારી પશુ ખાય,
તિવ્ર દુઃખ કેવું પડે, એહ વિચારો ન્યાય. ૨૩
પાપ થકી આ પેટનો, કદી ન ખાડ પુરાય,
પ્રાણીનો વધ પરહરો, અન્ને પેટ ભરાય. ૨૪
તત્વાતત્વ વિચારીને, સમજુ જન લ્યો સાર,
પાપ મૂળ હિંસા તજો, સુણી પ્રાણી પોકાર. ૨૫

---

૧ માંદાં અને રોગી પ્રાણીઓનું માંસ ખાવામાં આવે તો તે પ્રાણીઓના રોગ માંસ ખાનારને જેવા કે રક્તપીત, કોઢ, પ્રમેહ અને ભગંદરાદિ ભયંકર રોગ થાય છે. એકંદર અન્નના ખોરાક કરતાં માંસના ખોરાકથી ઘણાજ રોગ થાય છે એમ વિદ્વાન ડાક્તરોના ઘણા અભિપ્રાયો છે.

हरणनो पोकार.



વહાલે અમૃત પાઈ ઉછેર્યાં વહાલાજીએ અમનેરે. એ રાગ.

સુણો પશુનો આ પોકાર દયા દીલ આણીરે,
નિરઅપરાધિ અમે રાંક હણો નહિ પ્રાણીરે;
વા'લું જન્મનું વન મૃગલાં કહે મૂકયું વિસારીરે,
તજી માત સમાન તૃણાંકુરની સ્થળી સારીરે. સુણો ૧
તજી પંથમાં બાળ સહીત મૃગલી અમે રાંકેરે,
પણ પારધી મૂકે ન પુંઠ હણે વણ વાંકેરે;
કહે શરણું તરણું સુખ કે શસ્ત્ર નિવારેરે,
પુંઠ વાળીને ભાગતા શત્રુને ક્ષત્રી ન મારેરે. સુણો ૨
અમે અશરણ તરણાં ભક્ષીએ શસ્ત્ર ન પાસેરે,

ડરી ભાગીએ ક્ષત્રી શિકારી હણે બહુ ત્રાસેરે;
કોઈ વીરલા ક્ષત્રી ક્ષત્રીનો ધર્મ પિછાણેરે,
થયા શુરવીર કાયર નિર્બળને હણી જાણેરે. સુણો. ૩
પણ નિર્બળનું કરે રક્ષણ તે કુળદીવોરે,
ધન્ય ભારતવર્ષી આર્યપુત્ર ઘણું જીવોરે;
સાર્વભૌમપતિ શાહેન્શાહ અરજ સાંભળશેરે,
ઈન્સાફ અદલ સાંકળચંદ અમને મળશેરે. સુણો. ૪

ઘેટાંનો પોકાર.




રાગ ઉપરનો.

કહે ઘેટાં સુણો સૌ સજ્જન અરજ અમારીરે,

શું લેશો સ્વર્ગનું રાજ્ય રાંકને મારીરે,
કોઇ દેવીને બહાને ભોગ અમારો આપેરે,
હા ! હિંદુ નિર્દય થાય ગળાં અમ કાપેરે. સુણો. ૧
પણ ધર્મ સકળનું મૂળ અહિંસા ભાખીરે,
જીવ હિંસાથી બહુ પાપ શાસ્ત્ર સૌ શાખીરે;
પણ કળિયુગમાં કર્યાં શાસ્ત્ર શસ્ત્ર દુર્મતિએરે,
એ શસ્ત્રથી પશુ વધ થાય જશે શી ગતિએરે ? સુણો. ૨
પણ શાસ્ત્ર અર્થ અનરથ કરી શસ્ત્ર ન કરીએરે,
ગયો આર્યધર્મ ધરબોળ દયા ગઈ હરીએરે;
કરે રાંકની બકરીઈદ વાઘઈદ વરજીરે,
બકરાંપર ચાલે જોર સુણે કોણ અરજીરે ? સુણો. ૩
નથી કાંઈ બગાડયું તૃણ ભક્ષી અમે પ્રાણીરે,
દહીં દૂધથી પોષીએ તમને માલીક જાણીરે;
અમે ટાઢે મરીને ટાળીએ ટાઢ તમારીરે,
ઉન આપીને સૌની સેવા બજાવીએ સારીરે. સુણો. ૪
ઉપયોગીને હણતાં હાથ હૃદય કેમ ચાલેરે ?
એ ન્યાય વિચારો નરપતિ ક્ષત્રી આ કાળેરે;
નવરાત્રીને દશરામાં પશુનો વધ અટકાવોરે,
એવી આણ દયાપ્રતિપાળ પ્રજામાં ફેલાવોરે. સુણો. ૫
પૂર્વે મહારાજ અશોકે દયા ફેલાવીરે,
પશુ રક્ષણશાળાઓ ઠામ ઠામ બંધાવીરે;
માનવ પશુ માટે ઔષધશાળાઓ સ્થાપિરે,
ચૌદમાં મુખ્ય એ ફરમાનથી કીર્તિ વ્યાપીરે. સુણો. ૬
વળી અકબરશાહે દયાપડહ વજડાવ્યોરે,

પ્રતિ વર્ષે અમુક દિવસ પશુ વધ અટકાવ્યોરે;
દેશ અઢારમાં મહારાજા કુમારપાળેરે,
કર્યો જીવ વધનો પ્રતિબંધ દયાપ્રતિપાળેરે. સુણો. ૭
આર્યધર્મસ્તંભ રક્ષક દેશી મહારાજારે,
ખરા ક્ષત્રી ધર્મના જાણ ન્યાયમાં તાજારે;
નિર્દોષીને હણતાં પુરૂષાર્થ ન છાજેરે,
દયા પ્રતિપાળકના ગુણ સાંકળચંદ ગાજેરે. સુણો. ૮

ગાયનો પોકાર.



હાંરે કાંઈ આસો માસે શરદ પુનમની રાતજો-એ રાગ.

હાંરે કાંઈ ગાય કહે સૂણો ગૌ બ્રાહ્મણ પ્રતિપાળજો,

ભારતવર્ષી રાજા રજવાડા મળી જો.
હાંરે કાંઈ બ્રાહ્મણનું રક્ષણ કરી લ્યો સંભાળજો,
ગૌરક્ષા નવ થાય ન ગૌહત્યા ટળીજો. ૧
હાંરે કાંઈ વર્ષો વર્ષે કતલ ક્રોડની થાય જો,
ગૌ વિણ કયાંથી જગજીવન બળદો થશે જો;
હાંરે કાંઇ બળદ વિના ખેતીનો નહિ ઉપાય જો,
ખેતી વિણુ આ ભરતભૂમિ રંડાઈ જશે જો. ૨
હાંરે કાંઈ રાજા મહારાજા તાજા છો આપ જો,
મહાજન સાજન જગજન અમપર ઝૂઝતા જો;
હાંરે કાંઇ ગાયને ગૌપુત્રોનો એ પરતાપજો,
ભૂખ તરશ વેઠી દહીં દૂધ ઘી, દૂઝતા જો. ૩
હાંરે કાંઈ મૂળ છેદતાં ફળ ઉત્પન્ન નહિ થાય જો,
ગાય બળદ ઉપયોગી પ્રાણી ટકાવીએ જો;
હાંરે કાંઇ ગાયને દીકરી જયાં દોરે ત્યાં જાય જો.
દેશોન્નત્તિ માટે ગાવધ અટકાવીએ જો. ૪
હાંરે કાંઇ બ્રિટીશ રાજયનો ન્યાય તાજ છે આજજો,
ન્યાય અમારો માગો રાજન મહાજનો જો,
હાંરે કાંઈ ભારત ભૂમિનું ગૌધન સૌ શીરતાજ જો;
તે ઘટતાં ઘટશે વૈભવ દેશ રાજયનો જો. ૫
હાંરે કાંઈ એક ગાય જીવે ત્યાં લગી આધારજો,
ઘણા જણોનું જીવન ઉત્પન્ન ફાયદો જો;
હાંરે કાંઈ નાશ કરે તેનો એક જણ એક વારજો,
નહિ એ વ્યવહારીક કે કુદરત કાયદો જો. ૬

હાંરે કાંઈ ઉત્પાદક પશુ પ્રાણી કરતાં નાશજો,
ભંગ થાય વ્યવહારીક કુદરત કાયદો જો;
હાંરે કાંઇ ન્યાય પ્રબંધથી શિક્ષા થાય ન ખાસજો,
પણ કુદરતથી શિક્ષા થાય ન વાયદોજો. ૭
હાંરે કાંઈ પ્રાણી હત્યાથી બુરૂં પરિણામજો,
બજાવીએ જન સેવા જીવતાં લગી ભલાંજો;
હાંરે કાંઇ હાડ ચામ મુવા પછી આવે કામજો,
પ્રાણી ઘાતક પ્રત્યક્ષ પાતક પુતળાંજો. ૮
હાંરે કાંઇ આર્યધર્મથી વીપરીત ગૌવધ થાય જો,
ધર્મશાસ્ત્ર કહે દેવ ગાય દીલમાં વસેજો;
હાંરે કાંઈ દાદ સુણાવો ધર્મ વિરૂદ્ધ અન્યાયજો,
શ્રી સરકાર ન્યાય ગાયને આપશે જો. ૯
હાંરે કાંઇ કરી કાયદો ગૌવધ કરશે બંધજો,
આર્યજનો સૌ સંપી અરજ ગુજારશોજો;
હાંરે કાંઇ દેશોન્નત્તિ થાશે ને પુણ્ય પ્રબંધજો.
સાંકળચંદ કહે કૃષિકર્મ ઉદ્ધારશોજો. ૧૦

દોહરા.


બાળકને પય પાનથી, ઉછેરીએ ભલી ભાત,
તે કારણથી ગાયને, લોક કહે ગૌમાત. ૧
અદલઘંટ સુણી અકબરે, કર્યો [1]ગાયનો ન્યાય;
ગૌવધ થાય ન હિંદમાં, એવો કર્યો ઉપાય. ૨

---

૧ અકબરશાહનો અદલઘંટ ગાયે વગાડયો, તે ઉપરથી ગાયનો ન્યાય કરી શાહે હિંદમાં ગૌવધ બંધ કર્યો હતો.

રાજ્ય તજી વ્રજમાં વસ્યા, વાસુદેવ ઘર વ્હાલ,
ગરીબ ગાયના કારણે, પ્રભુ થયા ગોપાળ;
તે શ્રી કૃષ્ણ સ્વરૂપ છો, આર્ય ક્ષત્રી મહારાજ,
ન્યાય થાય નહિ ગાયનો, સુણે ન કોઇ અવાજ. ૪

पाडानो पोकार.



સાંભળને તું સજની મારી, રજની ક્યાં એ રાગ.

[1]મહિષ કહે સુણો અરજી મારી, હું ઉપયોગી પ્રાણીજી રે,
પખાલ વહી પીવરાવું પાણી, ભોંય ખણું હળ તાણી.

---

૧ પાડો.

હિંસા તજીએજીરે, હિંસા નરક નિવાસ,પાપ [1]વરજીએજીરે.ટેક
ભાર વહન કરૂં ગાડું ખેંચું, ભૂખ તરશ બહુ સાંખીજીરે,
મુજ [2]મહિષીનાં દહીં દૂધ ઘીથી, જીવે આલમ આખી. હિંસા.૨
તે મહિષી ઉત્પાદક પ્રાણી, અમ વિણુ કોઇ ન દીસેજીરે,
મૂળ છેદીને ફળ કેમ ખાશો, ન્યાય કરો વણુ રીસે. હિંસા. ૩
પણ નિર્દય ઉપકાર ન જાણે, અમને હોંશે મારે જીરે,
નિજ સ્વાર્થે દેવીના બહાને, ક્રૂર થઇ સંહારે. હિંસા. ૪
મરકી રોગ નિવારણ કારણ, ભોગ અમારો આપેજીરે,
પાપ થકી સુખ શાંતિ ન મળે, ઉલટો વ્યાધિ વ્યાપે.હિંસા.૫
[3]જાતર આદિકમાં નિર્દયજન, રીબવી રીબવી મારેજીરે,
ધગ ધગતો શળીયો માથામાં, ઘોચી પ્રાણુ વિદારે. હિંસા. ૬
રૂધીર પાનથી મસ્ત થઇ કરે, તીલક કપાળે કાનેજીરે,
ઘર ઘર લોહીના છાપા મારે, રક્ત બને [4]મધુપાને. હિંસા.૭
જીવ બચાવા બહુ તરફડીએ, જોર ન ચાલે કાંઇએજીરે,
ખંડખંડ શસ્ત્રે કરી નાંખે, એ દુઃખ જોયું ન જાએ. હિંસા.૮
[5]સમી પૂજનમાં મહા પૂજન અમ, દશરાને દીન હોવેજીરે,
પશુ વધથી પૂજન ફળ ન મળે, માંસ રૂધીરથી ધોવે;હિંસા.૯
કોઈ કોઈ સુધરેલા રાજ્યે પણુ, [6]અંધ પરંપરા ચાલેજીરે,
રૂધીર માંસનો કાદવ કરીને, ઘાણુ પશુનો વાળે. હિંસા. ૧૦
પરને દુઃખ દેઇ સુખની ઇચ્છા, ઘેલો પણુ નવ રાખેજીરે,
દુઃખ દેઇ પરને દુઃખીયા બનીએ,શાસ્ત્ર સકળ એમ ભાખે.હિં.૧૧

---

૧ તજીએ. ૨ ભેંસ. ૩ મેલડીની બાધા. ૪ દારૂ પીને. ૫ સમી નામના અનાજનું પૂજન. ૬ દેખાદેખી.

કોઇ કોઇ રાજાએ નિજ રાજ્યે, દયાપડહ વગડાવ્યોજીરે,
ધન્યવાદ એવા નરપતિને, પશુનો વધ અટકાવ્યો. હિંસા. ૧૨
ભારત ભૂષણુ સૌ મહારાજા, આર્ય ક્ષત્રીમાં છાજેજીરે,
માત સમાન દયાને વહાલી, ગણુજ્યો એક અવાજે. હિંસા. ૧૩
નવરાત્રીને દશરા દિવસે, પશુના જાન બચાવોજીરે,
અધર્મ ધર્મના બહાને નિપજે, તે અધર્મ અટકાવો. હિંસા. ૧૪
ન્યાયે જોતાં નિર્દોષી પશુ; હણુતાં કલંક લાગેજીરે,
પશુ વધથી વધ થાય આપણો, દયા સાંકળચંદ માગે. હિંસા. ૧૫

पशु समाजनो पोकार.

લાવણી, મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણી-એ રાગ.

કોઈ સ્થાને પશુ સમાજ મળ્યો એક વેળા,
સુખ દુઃખની વાતો કરે પરસ્પર ભેળા,
પર આધીન આપણુ દુઃખ થકી ન વિરામ્યાં,
પૂર્વે પરને દુઃખ દેઇ ગતિ આ પામ્યાં. ૧

હરણુ—કહે મૃગલો જન્મ સ્થાંન તજ્યું મેં વહાલું,
તજી મૃગલી વનમાં તજ્યું તૃણાંકુર થાળું;
ચરીએ તૃણુ ડરીએ શસ્ત્ર ન રાખું પાસે,
પણુ તજી ક્ષત્રી નિજ ધર્મ હણે બહુ ત્રાસે, ૨

ગાય—કહે ગાય ન ખાઉં હરામ ધણીનું ખાણું,
બમણું ત્રમણું આપું દહીં દૂધ ઘી નાણું;
હું બળદ પુત્ર આપું જગજીવન દોરી,
તોય કસાઇ લે મુજ પ્રાણ ન મૂકે કોરી. ૩

બળદ—કહે બળદ સહી ભૂખ તરશ ખેંચીએ ગાડું,
કરૂં ખાતર ખેતી બોજ રોજ ઉપાડું;
નહિ [1]ઘરનો કે ઘાટનો ફેરવું [2]ઘાણી,
જગજીવન છું નવ નીરે ચારો પાણી. ૪

ઘોડો—કહે ઘોડો મજલો મજલ મને દોડાવે,
થાકું પણ નહિ વિશ્રામ તગડ તગડાવે;
ભાડુતીયા પૂરી ચંદી ન દે લે ભાડું,
યુદ્ધમાં પહેલો મરી માલીકને જીવાડું. ૫

ગધેડો—કહે ગદ્ધો બોજ ગજા ઉપરાંત ઉપાડું,
ચાલું સીધો પણ મારે ડફણું જાડું,
પીઠ ઉપર ચાંદાં પડે બોજ પણ નાખે,
માંદો કે ઘરડો થઉં રખડતો રાખે. ૬

કુતરો—કહે [3]શ્વાન ન નીંદ્રા કરૂં હરામ ન ખાઉં,
ટુકડો ખાઈ પહેરેગીરની ફરજ બજાવું;
કરૂં કાશદનું હું કામ બાળ ખેલાવું,
પણ મોત કમોતે મરૂં હડેધુત થાઉં. ૭

---

૧ ઘોણીનો બળદ ઘરનોએ નહિ ને ઘાટનોએ નહિ. ૨ ઘાંચીની ઘાણી. ૩ કુતરો.

પાડો—કહે પાડો પખાલ વહન કરી કરૂં ખેતી,
મુજ મહિષી દહીં દૂધ ઘીથી જીવન દેતી;
પણ નિર્દય દેવી દ્વાર ભોગ મુજ આપે.
જાતર નવરાત્રી દશરાને દીન કાપે, ૮

ઘેટાં—કહે ઘેટાં ખમીએ ટાઢ જગત્‌ની ટાળી,
દહીં દૂધ ઘી ને ઊન દેઇએ બદલો વાળી,
પણ કૃતઘ્ન ખાવા માંસ ગળાં અમ કાપે,
જાતર નવરાત્રી યજ્ઞ મીષે [1]બળી આપે. ૯

ઊંટ—કહે ઊંટ મુસાફરી કરૂં બોજ બહુ [2]લાદી,
નહિ ધાન ધણીનું ખાઉં લીમડા આદિ,
પણ યુદ્ધમાં ગઢ તોડવા પ્રાણ લે મારો,
રણમાં જળ માટે હણે પ્રાણ મુજ પ્યારો. ૧૦

હાથી—કહે હાથી હું દરબાર દીપાવું દાના,
યુદ્ધમાં મુજથી જય થાય ન પ્રાક્રમ છાનાં,
લઘુ અંકુશ વશ રહું મનુષ્ય ન અંકુશ રાખે,
રમણિના ચુડલા કાજ હણે વણ વાંકે. ૧૧

ઈત્યાદિક પશુ સમાજ દુઃખ બહુ દાખે,
મુખ બોલે નહિ પણ હાય અવાચક નાખે;
પશુ દેશ પ્રજા રાજાનો ખરો ખજાનો,
પશુ ફળદ્રુપ બાગ સુ સાંકળચંદ મજાનો. ૧૨

૧ યજ્ઞમાં હોમવું. ૨ ઉપાડીને.

पक्षी समाजनो पोकार.



સાજી તું પાવાની પટરાણી કે કાળી કાળકારે લોલ—એ રાગ.

મહાજન રાજન અરજ સુણો ઉચ્ચરે પક્ષી મળીરે લોલ,
વનફળ ચરીએ ગગન વિચરીએ રહીએ હળી મળીરે લોલ;
નિર અપરાધી કરીએ કલ્લોલ વૃક્ષ ઘટા વિષેરે લોલ,
પણ પિસ્તોલ ગલોલથી મારે રસના રસ મીષેરે લોલ. ૧
ઠામ અમારો ફેડી લે ઇંડાં બચ્ચાં હરીરે લોલ,
જાળ રચી તરૂપર ઉંઘતાં બાંધે બંધન કરીરે લોલ;

અમને પકડી શૂળ પરોવી છેદે પાંખનેરે લોલ,
મરડી નાખે ડોક અનાડી મારે લાખનેરે લોલ, ૨
ચૂસે લોહી અમારૂં નિર્દય હિંસક પશુ સમારે લોલ,
કાળ સમાન વિના અપરાધે કોપે કારમારે લોલ,
પણ અમે કોઈનું કાંઈ બગાડયું નથી ન બગાડીએરે લોલ,
કલ્લોલ કરીએ રમીએ બાગ બગીચા વાડીએરે લોલ. ૩
કોયલ મધુર સ્વરે પંચમરાગે લલકારતીરે લોલ,
ટહુક ટહુક [1]સહકારે કરતી [2]ધ્વની ઉચ્ચારતીરે લોલ;
મીઠું બોલી મેના પોપટ આનંદ આપતાંરે લોલ,
વિધવિધ પંખી કિરરર કિરરર કરી [3]આલાપતારે લોલ. ૪
થેઇ થેઇ નાચે મોર ચકોર લલીત ટહુકા કરેરે લોલ,
હંસ [4]યુગલ જઇ માનસરોવર [5]મુક્તાફળ ચરેરે લોલ,
સૌને દેઈ આનંદ અમે આનંદે મ્હાલીએરે લોલ,
વસ્તીમાં નવ કરીએ ભીડ ગગનમાં ચાલીએરે લોલ. ૫
તમ વૈભવમાં ભાગ ન લેઇએ સંતોષે રહીરે લોલ,
[6]આલમથી નહિ વેર ઝેર રહીએ સુખ દુઃખ સહીરે લોલ,
તો શું વેર પુરાતન અમ સાથે કહો નરમણીરે લોલ,
[7]સબળ કર્યાં શું દેવે નિર્બળને હણવા ભણીરે લોલ. ૬
પણ છે ન્યાય સર્વનો સરખો પ્રભુ દરબારમાંરે લોલ,
લાંચ શીફારસ ત્યાં નહિ ચાલે કે સરકારમાંરે લોલ.
બુલબુલ પંખી નાહક મારે પીછાં કારણેરે લોલ,
તે પીછે નિજ તન શોભાવે બાળક પારણેરે લોલ. ૭

---

૧ આંબો ૨ વાણી. ૩ રાગથી ગાવું. ૪ નરમાદાનું જોડું. ૫ મોતી. ૬ દુનીઆં. ૭ બળવાન.

પણ વૈભવ સૌભાગ્ય સ્વરૂપ કુદરતથી તમ વિષેરે લોલ,
પુરવ પુણ્ય પસાય મળ્યું તો શું પીછે થશેરે લોલ;
ભેંસ હણે વાઘરડી માટે તે મૂરખ ભણ્યોરે લોલ,
પીછા સાટે પંખી હણતાં નિજ આત્મા હણ્યોરે લોલ. ૮
એકને દુઃખ દેઈ બીજો સુખ લે નહિ પ્રભુ કાયદોરે લોલ,
વણ વાંકે અમને હણતાં શો તમને ફાયદોરે લોલ;
પાપ તણાં ફળ કડવાં ખાશો નહિ કાંઈ વાયદોરે લોલ,
કરણી પાર ઉતરણી કર્મનો મર્મ અલાયદોરે લોલ. ૯
તરૂપર પ્રહ ભેળાં થઇએ સાંજે છૂટાં પડેરે લોલ,
પુણ્ય પાપ બે સાથી સ્વજન ન કોઈ વહારે ચડેરે લોલ;
દૈવે પંખી કર્યાં અમને માનવ થઇ તમે હસોરે લોલ,
અમને મારી દેણુ પતાવા તમે પંખી થશોરે લોલ. ૧૦
પરદેશે કોઇ દેશી મળે તો રાગ ઘણો ધરોરે લોલ,
તમે અમે એક સ્વદેશી છતાં શો પ્રેમ પટંતરોરે લોલ;
ગીત તમારા ગુણનાં ગાઇએ તરૂ ડાળે ચડીરે લોલ,
મધુર સ્વરે સત્કાર તમારો કરીએ ઘડી ઘડીરે લોલ. ૧૧
રોગ ઉપદ્રવ મરકીની બદઓ જે ઉછળેરે લોલ,
વળી અન્ન ફળ ફૂલ મૂળના રોગ અમારાથી ટળેરે લોલ;
ફરજ બજાવી સ્વચ્છ હવા કરી સેવા સારીએરે લોલ,
એ ઉપકાર ભૂલી અપકાર કરી કેમ મારીએરે લોલ. ૧૨
વિહગ વિશ્વની શોભા ને ઉપયોગી છે ઘણુંરે લોલ,
હણતાં કોપે દૈવ કરાળ કરો રક્ષણ ઝુદારે લોલ;
દયા કરો નિર્બળ પશુ પંખી ને માનવ તણીરે લોલ,
સાંકળચંદ અહિંસા શ્રેષ્ઠ સકળ શાસ્ત્રે ભણીરે લોલ. ૧૩

જળચરનો પોકાર.

બડો ચતુર પેલો ટોપીવાળો, રેલવે ગાડી ચલાવીરે–એ રાગ.

મચ્છ કહે અમે બહુ ઉપયોગી, અમને નહિ તમે મારોરે,
નદી તળાવ અને દરીઆમાં, બદબો ચરીએ ચારોરે. મચ્છ ૧
ગલીચ પદારથ ભક્ષણ કરીને, ચોકુખું પાણી કરીએરે,
તે નિર્મળ જળ જીવન જગતું, કેમ ઉપકાર વીસરીએરે? મચ્છ ૨
અમને મારી ઘટાડશો તો, જળમાં બિગાડ થાશેરે,
પાણી બગડતાં હવા બગડશે, રોગાદિક વધી જાશેરે. મચ્છ ૩
અમને મચ્છી જાળે પકડી, કાંઠા ઉપર ફેંકેરે,
મચ્છી બજારમાં જઈ વેચે, અમને જીવતાં શેકેરે. મચ્છ ૪
પણ ઉપયોગી જળચર પ્રાણી, જળ સંગાથે પ્રીતિરે,
જળથી દૂર થતાં તરફડીએ, સજ્જન મિત્રની રીતિરે. મચ્છ ૫
અમે પેટ ભરાય તમારૂં, મનુષ્ય શિકારી ન પ્રાણીરે,
અમે જીવી ઉપકાર કરીશું, સ્વચ્છ હવા ને પાણીરે. મચ્છ ૬

દોહરા.

પશુ પંખી જળચર બધાં, વાચા વગર ગણાય,
શું પોકાર કરી શકે, પ્રશ્ન સ્વભાવિક થાય. ૧
સુખ દુઃખ વેધક જીવ સૌ, દુઃખથી ડરે અપાર,
નિજ નિજ ભાષામાં ભણે, દુઃખ સુખનો પોકાર. ૨

अपंग अने अनाथ मनुष्योनो पोकार.

વહાલા વેગે આવોરે, દયા દીલ લાવોરે–એ રાગ.


દયા દીલ લાવોરે, અપંગ બચાવોરે, ધર્મ એ ધનવાનનો હોજી.
દયા વિના તો જશે અમારા પ્રાણ. ધર્મ ટેક.

અમે દુઃખી સુખાયા તમે, ન્યાય સૂચવીએ હાલ,
દાન ન દીધું પુરવે, ભુરા થયા હવાલ,
દયા નહિ લાવો તો નથી કાંઈ દાવોરે. ધર્મ. ૧
ખોડાં ઢોરો પાળવા, કરી પાંજરા પોળ,
અપંગ જનને પાળવા, નથી કોઈ ભંડોળ,
મુગાં બહેરાં અંધાંને નભાવોરે. ધર્મ. ૨
અમે અપંગો રખડતાં, દેખો ઠામો ઠામ,
રક્ષણશાળા નવ મળે, નહિ આવે ધન કામ,
દુઃખીયાં જનનાં દુઃખડાં સમાવોરે. ધર્મ. ૩
અન્ન ન ખાવા પહેરવા, વસ્ત્ર ન રહેવા ગેહ,
કંપે કાયા ટાઢથી, તાપે દાઝે દેહ,
દીલના દાના દાઝ ધરાવોરે. ધર્મ. ૪
સેજ ભૂમિને આભનો, પીછોડો અમ જાણ,
પવન અહાર કરી કહાડીએ, ભૂખમરાથી પ્રાણ,
રક્ષણશાળા રૂડી બંધાવોરે. ધર્મ. ૫
અમે તિવ્ર દુઃખ વેઠીએ, તમે ભોગવો સુખ,
અરે ન લાવો ઉરમાં, શું મલકાવો મુખ,
ઔષધશાળા દીનની ઉઘડાવોરે. ધર્મ. ૬
બાળાશ્રમ વૃદ્ધાશ્રમો, વિધવાશ્રમ વિશ્રામ,
ઠામ ઠામ પુણ્યાશ્રમો, સ્થાપી રાખો નામ,
લક્ષ્મીપતિ લ્યો લક્ષ્મીનો લ્હાવોરે. ધર્મ. ૭
સમાન મનુષ્ય અમે તમે, તમે સુખી અમ દુઃખ,
પણ કુદરતનો કાયદો, સૌને વહાલું સુખ,
એકલપેટા તજીએ સ્વભાવોરે. ધર્મ. ૮

મહેનત કાંઇ ન નીપજે, અમે અશક્ત અપંગ,
અન્નદાન ને સ્થાન ઘો, વસ્ત્ર ઓઢવા અંગ,
અરજી સાંકળચંદ સુણાવેરે. ધર્મ. ૯

अजामेध यज्ञ.

बोकडानी फरियाद, धनपाळनी वकिलात;
राजाभोजनो न्याय, अने निर्दोष प्राणीनो छुटकारो.



ચોપાઈ.

રચ્યો યજ્ઞ મંડપ એઠ બેશ, યજ્ઞ સ્તંભ રોપ્યો સુ પ્રદેશ,

અગ્નિકુંડ તે વચ્ચે કર્યો, પુષ્પ વાસ ચોદિશ વિસ્તર્યો. ૧
કેળ સ્તંભ રોપ્યા ચોપાસ, દસ વીસ બ્રાહ્મણ બેઠા પાસ,
વેદમંત્ર વાણી ઉચ્ચરે, પણ જીવ હિંસાથી નવ ડરે. ૨
મધુ યવ ઘૃતના કુંભા ભર્યાં, પચરંગી ધાન્યો પાથર્યાં;
ટીલાં ટપકાં નાઈ ધોઇ કર્યાં, પુસ્તક વિપ્રે કરમાં ધર્યાં. ૩
યજ્ઞ સ્તંભ બાંધ્યો બોકડો, પાછળ એક અસિ લેઇ ખડો,
જાય ત્યાં થઈ ભોજ ભૂપાળ, સાથે પંડિત છે ધનપાળ. ૪
છાગે નિજ ભાષામાં ભણી, અરજી ભોજ ભૂપતિ ભણી,
રાજા પૂછે હે ધનપાળ, છાગ વદે શી વાત રસાળ. ૫
પંડિત કહે સુણો પૃથ્વીપાળ. છાગ કહે સુણ અરજ ભૂપાળ,
નોધારાનો તું આધાર, તું જગનો છે જીવણહાર. ૬
અદલ ન્યાય આલમનો થાય, મને આપ મહારાજા ન્યાય,
પ્રાણ હણે મારો છળ બળે, મને વિપ્ર સ્વર્ગે મોકલે. ૭
નથી સ્વર્ગનું મારે કામ, સ્વર્ગ સકળ મારે આ ઠામ,
બહુ નારીનો હું ભરતાર, પુત્ર પુત્રીનો નહિ મુજ પાર. ૮
તે સઘળાનો કરી વિજોગ, વિપ્રો આપે મારો ભોગ,
નિર્બળ નિરઅપરાધી રાંક, નથી અમારો કાંઇએ વાંક. ૯
કસાઈ નિર્દય લે મુજ જાન, વિના વાંક પકડે મુજ કાન,
કાંકરો મૂકો સૌ વનસ્પતિ, આરોગું સંતોષી વૃતિ. ૧૦
કોઇ ન હોમે યજ્ઞે વાઘ, રાંક અમે હોમે સૌ છાગ,
જીવ હિંસાથી જો ફળ થાય, પાપ બિચારો તો કયાં જાય ? ૧૧
પાપ યજ્ઞથી સ્વર્ગે જાય, યાજ્ઞિક પુત્ર પુત્રી હોમાય,
હોમે સ્ત્રી માતાદિક હણી, નથી સ્વર્ગની મુજ માગણી. ૧૨

પંડિત કહે ભૂપતિ મહાભાગ્ય, અરજ કરે છે એવી છાગ,
દયા ભૂપના મનમાં વસી, ન્યાય બુદ્ધિ વળી ચિત્તમાં ઠસી. ૧૩
છોડાવ્યો બકરો તત્કાળ, હોમાવ્યાં વરી ધાન્ય રસાળ,
તિલકમંજરીમાં એ વાત, ત્યાંથી મૂક્યું આ દૃષ્ટાંત. ૧૪

अहिंसा निषेधक सर्वधर्म मान्यप्रमाणो.

પિત્તળ લોટા જળે ભર્યારે–એ રાગ.

દયા ધર્મનું મૂળ છે રે, હિંસા પાપનું મૂળરે,
ચતુરનર, હિંસા ન કરીએ પ્રાણીનીરે. ટેક.
અહિંસા પરમો ધર્મ છે રે, વેદવાક્ય અનુકુળરે. ચતુર. ૧
[1]શાંતિપર્વ મહાભારતેરે, દાખી દયાની વાતરે. ચતુર.
મન વાણી કર્મે કરીરે, કરવો ન પ્રાણીનો ઘાતરે. ચતુર. ૨
અનુસાસનપર્વે કહ્યુંરે, પરમાંસે પોષે દેહરે, ચતુર.
અધમ ન કોઈ એથી કહ્યોરે, નિર્દય ક્રૂર નીચ તેહરે. ચતુર. ૩
ભાગવતનો સ્કંધ સાતમોરે, અધ્યાય, [2]ચૌદમો દેખરે, ચતુર.
નારદમુનિ કહે ધર્મનેરે, વાંચો પવિત્ર એ લેખરે. ચતુર. ૪
મૃગ ખર કપિ ઊંટ ઉંદરારે, પક્ષીઓ સાપ ને માંખરે, ચતુર.
નિજ આત્મા સુત સમ ગણોરે, અંતર ભેદ ન રાખરે. ચતુર. ૫
મનુસ્મૃતિમાં જે કહ્યુંરે, અધ્યાય [3]પાંચમો જોયરે, ચતુર.
વધ વિણ માંસ મળે નહિર, જીવ વધે સ્વર્ગ ન હોયરે. ચતુર. ૬
વિશણુપુરાણે દાખવ્યોરે, ધર્મ અહિંસા સારરે, ચતુર.
પ્રભુના એ ફરમાનનેરે, પાળો ઉર ધરી પ્યારરે. ચતુર. ૭

---

૧ અધ્યાય ૧૬૨ મો. ૨ શ્લોક નવમો. ૩ શ્લોક અઢારમો.

વહાલાં જીવ સુખ આપણેરે, પ્રાણીને વહાલાં તે સુખરે, ચતુર.
પ્રાણીના વધથી પામશોરે, ઘોર નરકનાં દુઃખરે. ચતુર. ૮
પરાશરસ્મૃતિ વૃદ્ધમાંરે, લેખ લખ્યો છે ઉદારરે, ચતુર.
પિતૃ તૃપ્તિ કરે માંસથીરે, તે કહ્યો મૂર્ખ ગમારરે. ચતુર. ૯
ચંદનનું વન બાળીનેરે, ચોળે નિજ તન રાખરે, ચતુર.
હિંસા ન કરવી શ્રાદ્ધમાંરે, ધર્મ શાસ્ત્રની એ શાખરે. ચતુર. ૧૦

મા પાવા તે ગઢથી ઉતર્યાં, મહાકાળીરે-એ રાગ.

જૈનધર્મ [1]સુયગડાંગમાં, સુણ શાણારે,
કહ્યો ધર્મ અહિંસા મુખ્ય, સાંભળ શાણારે. ટેક.
સાર જ્ઞાનીના જ્ઞાનનો, સુ. જીવ હણે ન ભુખ કે દુઃખ. સાં. ૧
સંજતી રાજાને કહ્યો, સુ. [2]ઉત્તરાધ્યયને જે બોધ, સાં.
ગર્દભાળમુનિપતિ કહે, સુ. દેઉં અભય તને અવિરોધ. સાં. ૨
તું પણ પ્રાણી માત્રને, સુ. દે અભયદાન મહારાય, સાં.
શું જીવતા હિંસા કરે, સુ. તુજ આત્મા મેલો થાય. સાં. ૩
जीवो जीवस्य जीवनम[3] સુ. એ વાકયનો અર્થ વિચાર. સાં.

---

૧ પહેલા અધ્યયનના ચોથા ઉદ્દેશાની ૧૦ મી ગાથા.

૨ અઢારમા અધ્યયનની ૧૧ મી ગાથા.

૩ પશુ પંખીની મદદથી મનુષ્યો જીવેછે, અને મનુષ્યની મદદથી તેઓ જીવેછે, જેમકે દહીં, દૂધ, અને ઘી આપીનેતથા ભાર વહન કરીને પશુઓ આપણને પાળેછે, અને આપણે તેમને ચારો પાણી નીરી પાળીએ છીએ, તેથીજ શાસ્ત્રમાં 'જીવો જીવસ્ય જીવનમ્" લખ્યું છે. પણ જો તેઓ મનુષ્યોનું ભક્ષ હોત તો "જીવો જીવસ્ય ભોજનમ્" શામાટે ના લખતા વળી મનુષ્યનો ખોરાક અન્ન ફળ છે, કારણ કે તેને પકાવવા વિગેરેનાં મનુષ્યને સાધન છે. માંસાહારી પશુઓને તેવાં સાધન નથી, તેથીજ કુદરતે તેઓને તખ પંજની બક્ષિસ કરી છે.

જીવ જીવે જીવ મદદથી, સુ. એ સાચો અર્થ સ્વીકાર.સાં. ૪
ઈસ્લામી ધર્મે વળી, સુ. લીલું દાતણ ન કપાય. સાં.
કીડીનું રક્ષણ કરે, સુ. બકરાં કેમ કાપ્યાં જાય સાં. ૫
ચિલ્લો ધર્મ ક્રિયા કરે, સુ. તે ખાય ન પ્રાણી માંસ, સાં.
પેગમ્બર સાહેબનો, સુ, છે હુકમ અહિંસા ખાસ. સાં. ૬
[1]પીરોને ઓલીથા થયા, સુ. તે ભાજી પાલો ખાય, સાં.
"રહીમાન"નો અર્થ જો, સુ. દયાળુ ઇશ્વર થાય. સાં. ૭
તો તે બકરાં કાપવા, સુ. કદી હુકમ ન દે નિરધાર, સાં.
સાલેકશરીઆતથી વળી, સુ. કોઈ પેસે તરકીત યાર.સાં. ૮
માંસ તજે તે ત્યારથી, સુ. વળી [2]રાવજી વો'રા ન ખાય, સાં.
હઝરતઅલી સાહેબ જે, સુ. ચોથા ખલીફા કહેવાય સાં. ૯
મીશરો મહા મુલનો કહ્યો, સુ. એ કબુલ કરો ફરમાન. સાં
પશુ પક્ષીની પેટમાં, સુ. તું કબર ન કરીશ સુજાણ. સાં.૧૦
ગરીબ ગુલામ સબકતગિન,[3] સુ. કરે શિકારે નિર્વાહ, સાં.
મૃગલીબાળ દયા થકી, સુ. કર્યો અલ્લાએ બાદશાહ. સાં. ૧૧
ઈત્યાદિક બહુ લેખ છે, સુ. વળી કુરાનમાં ફરમાન, સાં.
પશુ વધથી ઇદ ના ઘટે, સુ. ધારો ભાઈ મુસલમાન. સાં. ૧૨

---

૧ (તવારીખે ફેરસ્તા તજકીરે તુલ અવલિયા સફીન તુલ અવલિયા અને તફહાતુલ ઉનશ જુવો).

૨ રાવજી વોરા માંસ ખાતા નથી, માટે તેમને નગોશીયા કહે છે.

૩ સુલતાન મહંમદનો બાપ સબક્તગિન એક ગરીબ ગુલામ હતો, પોતાનો નિર્વાહ માત્ર શિકાર ઉપર ચલાવતો, એક દિવસ એક હરિણી નાનાં બચ્ચાં સાથે ચરતી હતી, તેના ઉપર તે ધસ્યો, હરિણી નાઠી, પણ બચ્ચાંથી નસાયું નહિ, તેને પકડી ઘોડા ઉપર નાખી શહેર ભણી ચાલ્યો. હરિણી

બેડોબાઇ બુડતો તારોરે, અંબે આઈ—એ રાગ.

અરે ! કળિકાળે શું તરીએરે, દયા ગઈ ખારે દરીએરે;
ધર્મના બ્હાને ધતીંગ ચલાવે, દયા તજી કરે પાપ,
શાસ્ત્રના અર્થ અનર્થ કરે કોઇ, કોણ મારે ખરી છાપ? અરે. ૧
સ્વેચ્છાએ ચાલવું ખાવું ને પીવું, હોટેલો માંહ્ય વિશેષ,
ફેશિનની ફીશિયારીમાં ફરવું, મોજ મજામાં હમેશ. અરે. ૨
રહેવું સ્વતંત્ર વડીલોથી ને લેવી, નાટકશાળાની ભેટ,
ભક્ષાભક્ષ ભખે ભુંડની પરે, ગટર ગણી નિજ પેટ. અરે. ૩
નામ સુધારાના એવા જમાનામાં, કયાં રહ્યો ધર્માચાર?
ધર્મ ને ધર્મગુરૂનો ન અંકુશ, માથે રહ્યો તલભાર. અરે. ૪
ધુમધામે ધમાધમ મચી કેવો, ચાલ્યો[1] ગાડરીઓ પ્રવાહ,
પરમારથ તત્વાર્થ ન જાણે, ચાલે છે અવળે[2] રાહ. અરે. ૫
પંથમાં પંથીએ કેઇક કારણ, ઇટો ચઢાવી બે ચાર,
દેખાદેખી જતાવળાના પંથીઓએ, કીધો ઇટોનો અંબાર. અરે. ૬
આર્ય છતાં દયા દીલમાં ન આણે, સાધે છે સ્વાર્થનો જોગ,
હાક સુણે નહિ રાંક પશુની, આપે બિચારાનો ભોગ. અરે. ૭

પોતાના બચ્ચાંના સ્નેહથી જાણે તેની દયા માગતી હોય, તે પ્રમાણે મોતની દરકાર રાખ્યા વિના તેની પાછળ ચાલી, તેને જોઇ સબક્તગિનને દયા આવી તેથી બચ્ચાંને હરિણી તરફ છોડી મૂક્યું. બચ્ચું સહી સલામત જોઈ હરિણીએ આકાશ તરફ ઉંચું મુખ કરી પરમેશ્વરની બંદગી કરી. સબક્તગિન ખાલી હાથે ઘેર ગયો. તેજ રાતે હઝરત પેગંબરે તેને સ્વપ્નમાં કહ્યું કે "ખુદાતાલા" હરિણી ઉપર તેં દયા કર્યાથી તારા ઉપર પ્રસન્ન થયા છે તેથી તને રાજ્યની બક્ષિશ કરે છે માટે જેવી રીતે તેં અવાચક પ્રાણીની દયા કરી છે તેવીજ રીતે બધા પ્રાણી ઉપર તું દયા રાખજે. (પાદશાહી રાજનીતિ.)

૧ ઘેટાંનું ટોળું—એકની પાછળ બીજું ચાલે, ૨ રસ્તો.

ધર્મ શાસ્ત્રની આજ્ઞા ઉલંઘીને, મન ગમતો કરે અર્થ,
તો ઈંગ્રેજો ને પારસી આદિનો, દોષ શો કહાડીએ વ્યર્થ? અરે. ૮
જરથોસ્તી અને ખ્રીસ્તિ ધર્મે, દાખી દયાની વાત,
આધારો લખતાં પાર ન આવે, શેષ કહું અવદાત. અરે. ૯
[1]જરથોસ્તી ધર્મે કહ્યું પ્રાણી ને, ઇંડાં ન મારીએ ભાઇ,
માંસ ન ખાવું શિકાર ન કરવો, એવી છે સખત મનાઇ. અરે. ૧૦
ઇજસ્નેના બત્રીશમા હા માં, ચોપગાંને મારે જેહ,
મારવો પ્રાણીના ઘાતકને કહ્યો, હુકમ[3] હોરમજદનો એહ. અરે. ૧૧
ઇજસ્નેમાં [4]અશોજરથોસ્તે, હુકમ કર્યો છે સાફ,
પ્રાણી માત્રનો વધ નહિ કરવો, આપ્યો અદલ ઇન્સાફ. અરે. ૧૨
[5]જમીઆદયસ્તમાં પ્રાણીના તોખમ, ઇંડાંનો જે કરે નાશ,
પરમેશ્વરની વિરૂદ્ધ સેતાનના, પક્ષનો તે ગણ્યો ખાસ. અરે. ૧૩
બાઈબલ પ્રકરણ વીશ બાવીશમાં, ઈસુનો હુકમ છે ખાસ,
પવિત્ર રહેજે તું હત્યા કરીશ નહિ, ખાઇશ ન પશુનું માંસ. અરે. ૧૪
જેનીસીસ પહેલામાં લખ્યું છે, ભાજીપાલો ફળ ફૂલ,
એવો ખોરાક ખાજે તું કરીશ નહિ, પ્રાણીના પ્રાણને ડૂલ. અરે. ૧૫
હુસીયા આઠમા અધ્યાયમાં કહ્યું, નહિ ધરૂં વિનંતિમાં ધ્યાન,
જો પશુ હત્યા કરી તમે કરશો, નિજ હાથ લોહી લુહાણ. અરે. ૧૬
ઈત્યાદિક સૌ ધર્મ શાસ્ત્રમાં, પશુ વધનો પ્રતિબંધ,
સાંકળચંદ કહે લ્યો તપાસી, સત્યાસત્ય સબંધ. અરે. ૧૭

---

૧ પારસી ધર્મ. ૨ શાહનામાના લખનાર કવિ ફિરદોશીએ લખ્યું છે કે પશુઓને મારીને ખાવાં નહિ, ને જનાવરોનો શિકાર કરવો નહિ. ૩ પરમેશ્વર. ૪ પારસીઓના પેગંબર સાહેબ. ૫ (ફકરો ૫૮ મો જુવો.)

ઉપસંહાર.

ચોપાઇ ત્રીતાળી.

સુણો જીવદયા પ્રતિપાળ, આ અરજી દયાની દયાળ,
સુખ વાચ્છક છે સૌ પ્રાણી, દુઃખ વહાલું ન બુરી હાની. ૧
જીવવું ઇચ્છે સૌ પ્રાણી, મોત ઇચ્છે ન દુઃખી અજ્ઞાની,
દેવી ભક્ત ને નિર્દય જાત, કરે યજ્ઞમાં પશુનો ઘાત. ૨
ઘોર પાપ કરે ધર્મ બહાને, એને સજ્જન અધર્મ માને,
થાય પશુ વધથી રળિયાત, જાણે જમરાજા સાક્ષાત. ૩
કરે માંસ રૂધિરનો યાગ, તેથી થાય જો પુણ્ય વિભાગ,
તો પાપની શી ગતિ થાશે, એવા યજ્ઞથી નરકે જવાશે. ૪
ચાર વર્ણમાં ઉત્તમ જાત, બ્રાહ્મણ જગમાં પ્રખ્યાત,
અમે બ્રહ્માના મુખથી ઉદ્ધરીયા, રૂષિપુત્ર અમે ગુણદરીઆ. ૫
દેઇ દક્ષણા લાડુ જમાડે, જાય વૈકુંઠ આવે ન આડે,
એવો દાવો આલમ પર રાખે, અર્થ વેદનો વિપરીત ભાખે. ૬
તત્વાર્થ ન પૂરો વિચારે, અજ યજ્ઞમાં હોમવા ધારે,
પણ અજનો અર્થ છે એવો, જેનો જન્મ ફરી નહિ તેવો. ૭
ત્રણ વર્ષનું વરી જે હોય, જેને વાવતાં ઉગે ન સોય,
તે અજશબ્દે ઓળખાય, નહિ જન્મ તે અજ કહેવાય. ૮
એવું વરી અજ નાગથી હોમે, પણ છાગ ન યાગમાં હોમે,
જેને વાવતાં ઉગે જે ધાન્ય, તે હોમવું શાસ્ત્રે અમાન્ય. ૯
બીજ ઉત્પાદક પશુ જાત, ઘટે યજ્ઞ મિષે કેમ ઘાત,
અથવા અજ ઇંદ્રિયો કહીએ, વશ કરવાની આહુતિ દેઇએ. ૧૦
દુરવૃતિ પશુ કાબુમાં રાખો, પશુ જાતિથી વૈર ન દાખો,
બ્રહ્મ જાણે તે બ્રાહ્મણરાય, બ્રહ્મમાં સૌ જીવ સમાય. ૧૧

તો સૌ જીવ પર સમભાવ, રાખો નિજ સમ પરમાં ભાવ,
દયા યજ્ઞમાં સત્યનો સ્તંભ, જ્ઞાનકુંડ રચો અવિલંબ. ૧૨
કર્મ કાષ્ટ તપાગ્નિ જલાવો, હોમી કષાય સમતા લાવો,
એવો ધર્મયજ્ઞ મન સ્થાપો, હિંસાને જલાંજળી આપો. ૧૩
ક્રૂરવૃતિને દ્યો દેશવટ્ટો, આર્ય ધર્મને લાગે ન બટ્ટો,
દયા ધર્મનો દાવો ધરાવો, છો બ્રાહ્મણ કરૂણા લાવો. ૧૪
નથી અમરપટો કોઇ લાવ્યો, કરી પાપ ન કોઇએ ફાવ્યો,
હાથે કરતા નથી દ્વિજ પાપ, ઉપદેશ ન દ્યો એવો આપ. ૧૫
શુદ્ધ લોહીનાં તિલક કરે છે, શેષ વહેંચીને પેટ ભરે છે,
દેવી ભોગ જો પશુનો માગે, છુટો છાગ મૂકો દેવી આગે. ૧૬
દેવી મારીને ભક્ષણ કરશે, અથવા ચુસી લેશે તો મરશે;
પણ જીવતો જો પશુ આવે, તો દેવીને ભોગ ન ભાવે, ૧૭
દેવી જગતની માતા કહાવે, પ્રાણી માત્ર પુત્ર તસ થાવે,
માની નજરે થાય સુત ઘાત, નહિ કોપે તો નિર્દય માત. ૧૮
દેવી માંસ રૂધિર નહિ ખાય, દોષ દેવીને દેતાં અન્યાય,
કહો વાસનાના ભૂખ્યા દેવ, વાસ કતલખાનામાં સ્વમેવ. ૧૯
હાડ માંસ રૂધિર જયાં રેડાય, તે તો અપવિત્ર ધામ ગણાય,
એવાં અપવિત્ર ધામ નિવાસી, દેવ દેવાતન જાય નાસી. ૨૦
તેની દંતકથા એક જાણો, વૃદ્ધ પુરૂષ પરંપરા માનો,
પૂર્વે જગદમ્બાનો વાસ, સિંધ નગરઠઠ્ઠામાં નિવાસ. ૨૧
દાંતા રાણાના પૂર્વજ આજા, હતા નગરઠઠ્ઠાના રાજા,
યવનોએ નગર લૂટી લીધું, પછી કામ ત્યાં ફેડું કીધું. ૨૨

નાખ્યાં કૂવામાં હાડને ચામ, કર્યું અપવિત્ર રૂધિરથી ધામ.
તજી અપવિત્ર ધામ અંબાજી, આવ્યાં પવિત્ર આરાસુરે માજી. ૨૩
એવાં માત પવિત્રની સામે, પશુ વધ ન ઘટે દેવી ધામે,
હાડ માંસ રૂધિરનું ન કામ, થાય અપવિત્ર દેવીનું ધામ. ૨૪
ક્રૂર પશુ વધથી મા અંબાજી, થાય ભક્ત ઉપર નારાજી,
પુષ્પ ધુપાદિ પૂજા પ્રતાપે, માજી મેં માગ્યું ફળ આપે. ૨૫
પણ દેવી બહાને ખોટું કરવું, હાથે હત્યા કરી પેટ ભરવું,
અહા! કળી નિર્દય થઇ બેઠો, આર્ય ધર્મ પતાળે પેઠો. ૨૬

અલબેલીરે અંબેમાત જોવાને જઇએ—એ રાગ.

જીવદયા ધર્મનું મૂળ, હિંસા નવ કરીએ,
હિંસાથી પ્રભુ પ્રતિકુળ, પાતક પરહરીએ. ટેક.
જેવો જીવ આપણને વહાલો, વહાલો સૌને તેવોરે,
નિરઅપરાધી પશુનો ઘાતક, પ્રત્યક્ષ રાક્ષસ જેવો. હિંસા. ૧
દેવોને બહાને બળી આપે, પાડાને ઘેટાનોરે,
પણ દેવી રીઝવવાને કોઈ, ભોગ ન દે બેટાનો. હિંસા. ૨
સહેજ શરીરમાં કાંટો વાગે, અરે બાપ ઉચરીએરે,
કદી અચાનક જખમ થાય તો, ઝુરી ઝુરી મરીએ. હિંસા. ૩
પ્રાણીને હણતાં ઘાતકને, શસ્ત્ર શરીરમાં વાગેરે,
તિવ્ર વેદનાથી દિલ કંપે, કુટે રડે બહુ રાગે. હિંસા. ૪
દહીં દૂધ ઘીનાં ઝાડ પશુ છે, જે આપણને પાળેરે,
એવાં ઉપકારીને હણતાં, અરે હાથ કેમ ચાલે? હિંસા. ૫
પુત્ર કલત્ર નિમિત્ત કોઇ બાધા, પશુના બળીની રાખેરે,
પશુ વધથી કદી પુત્ર ન જીવે, પાપ તણાં ફળ ચાખે. હિંસા. ૬

કળિયુગમાં પશુનું બળી ન ઘટે, કોપે દેવી કુઠાઠેરે,
શ્રીફળ કોળાદિકને હોમો, ભાખ્યું ચંડીપાઠે. હિંસા. ૭
પર પોતામાં ભેદ ન રાખો, જીવ સર્વનો સરખોરે,
જે દુઃખ વેદે જીવ આપણો, તે દુઃખ પર ને પરખો. હિંસા. ૮
પણ દુનીઆનો અવળો ધારો, પર પીડા ન વિચારેરે,
સતી બળતી પોકાર કરે જન, જે આંખે ઉચ્ચારે, હિંસા. ૯
ખસી પડે કે કોઇને લાગે, ક્ષક હસી હસી રાચેરે,
રાંક બિચારો મરે દેડકો, કાગ કુદે ને નાચે. હિંસા, ૧૦
પર ઘર બળતું દેખી ખળજન, વહાર મિષે જઇ લૂટેરે,
પણ પોતાનું ઘર સળગે તો, છાતી માથું કૂટે. હિંસા. ૧૧
હિંસાનું મૂળ ને ફળ કડવાં, કોપે દેવ કરાળરે,
હસતાં બાંધે રોતાં ન છૂટે, ભોગવવાં નિરધાર. હિંસા. ૧૨
નિર્દય કોઇકે એક ઉંદરડી, બોળી ઉના જળમાંરે,
તરફડતી દેખી તે રીઝયો, પ્રાણ તજ્યો એક પળમાં. હિંસા. ૧૩
ભાવી ભાવે બે ત્રણ દિવસે, પુત્ર મુવો તસ પ્યારોરે,
છાતી કુટે ને શીર પીટે, રડતાં ન રહે વાર્યો. હિંસા. ૧૪
સંત પુરૂષ તે વેળા તેને, હિત શિક્ષા દેઇ તોષેરે,
ઊંદરડીનાં માત પિતાને, કેવું દુઃખ થયું હોશે. હિંસા. ૧૫
પાપ તણું ફળ પ્રત્યક્ષ ભાળી, બોલ્યો મુખ સંભાળીરે,
હણું હણાવું નહિ કોઇ જીવને, હવે ગાઠ મેં વાળી. હિંસા. ૧૫
આપ વીતી એમ જાણે જ્યારે, પ્રકટે નિજ પર ભાનરે;
સાંકળચંદ સકળ પ્રાણીમાં, સરખા જીવ સમાન. હિંસા. ૧૭

સમાપ્ત.

જાહેરખબર.

નીચે છપેલાં પુસ્તકો તૈયાર છે, તે અમારે ત્યાંથી રોકડી મળશે; અથવા વેલ્યુપેબલથી મંગાવેથી મોકલવામાં આવશે.

"વૈરાગ્યતરંગ ભક્તિમાળા"—સંસારથી વિરક્ત થયેલા વિરક્ત દશાના ઉમેદવારોને તેમજ પરમાત્માના ભક્ત અને ભાવનો દાવો કરવા તત્પર થયેલા ચતુર પુરૂષો તથા સ્ત્રી વર્ગ પુસ્તક ખરેખર કંઠસ્થ કરવા યોગ્ય છે, એટલુંજ નહિ પણ મગજના વિદ્યાર્થી વર્ગને તો આ પુસ્તક ઘણુંજ ઉપયોગી થા તેમ છે. સંસાર સમુદ્રમાં સુખ દુઃખ ભરતી અને ઓટ સમ.. તેમાં કામ ક્રોધ અને મોહાદિક ખડકો છે, તેને વિવેક વાંણથી પર કરી પાર જવા સારૂં આ પુસ્તક એક ઉત્તમ સુકાની રૂપ છે. કિંમ માત્ર રૂ. ૦-૪-૦ છે. ટપાલ ખરચ જુદું ઘણીજ જુજ પ્રતો રહી

સ્ત્રીસુબોધમાળા અથવા સંસારસમુદ્રની નૌકા એ સંસાર ચિત્ર આબેહુબ ચિતર્યું છે, સ્ત્રીઓને માટે ખાસ ખજા સદ્દગુણનું મંદિર અને સદાચારનો ભંડાર છે, એમાં નીતિ યુક્ત શિ ‘ણોનાં તથા લગ્નાદિક માંગળિક પ્રસંગમાં ગાવાનાં અને માએ દ આપેલી હિતશિક્ષાનાં અનેક ગીતો છે. દરેક કુટુંબમાં નિશ બમાં ઓછી ખાસ કરીને એક પ્રત રાખવા લાયક ' ૦-૩-૦ અને ટપાલ ખરચ જુદું છે.

વગર કિમ્મતે ટપાલ ખરચનો એક આનો મે ‘ન ગ્રહસ્થને મોકલાવી આપવામાં આવશે.

'દ પીતાંબરદાસ શાહ

'ખાની પોળ અમદાવ